RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 185 *Date: 25.04.2025,Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ભારતમાં રોકાયેલા તમામ પાકિસ્તાનીઓના વિઝા રદ, માત્ર ૩ દિવસનો સમય




પહલગામ આતંકી હુમલા મુદ્દે ભારતે પાકિસ્તાન વિરૂદ્ધ પાંચ મોટા નિર્ણયો લીધા છે. જેમાં ભારતમાં રહેતાં તમામ પાકિસ્તાની નાગરિકોને ત્રણ દિવસની અંદર પાકિસ્તાન પરત ફરવાનો આદેશ આપવામાં આવ્યો છે. પાકિસ્તાની નાગરિકોના ભારત વિઝા ૨૭ એપ્રિલ સુધી જ માન્ય રહેશે. બીજી બાજુ પાકિસ્તાન નાગરિકોના ભારત માટે મેડિકલ વિઝા ૨૯ એપ્રિલ સુધી માન્ય રહેશે. જેથી પાકિસ્તાનીઓને વિઝા રદ થાય તે પહેલાં પોતાના વતન પરત ફરી જવા આદેશ આપવામાં આવ્યો છે.

સરકારે ગઈકાલે સાંજે કરેલી કેબિનેટ બેઠકમાં પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવા માટે ૪૮ કલાકનો સમય આપ્યો હતો. આ આદેશને અનુરૂપ અનેક પાકિસ્તાની નાગરિકો અટારી-વાઘા બોર્ડરથી પોતાના સ્વદેશ પરત ફર્યા હતાં. હવે તેમના વિઝા માત્ર ૨૭ એપ્રિલ સુધી જ માન્ય રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે.બીજી તરફ કેન્દ્ર સરકારે પાકિસ્તાનમાં રહેતાં અને પ્રવાસે ગયેલા ભારતીયોને તુરંત જ સ્વદેશ પરત ફરવા સલાહ આપવામાં આવી છે. સરકારનું આ પગલું જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલા બાદ લેવામાં આવ્યું છે. આ હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેમાં ગુજરાતના ત્રણ અને બે વિદેશી સામેલ છે. આ ક્રૂર આતંકવાદી હુમલા બાદ કેન્દ્ર સરકાર પાકિસ્તાનનો બહિષ્કાર કરતાં વિવિધ પ્રતિબંધો મૂકી રહી છે.

## પાણી રોકવું એ યુદ્ધના આહ્વાન સમાન, ભારતના એક્શન બાદ પાકિસ્તાને એરસ્પેસ-વેપાર પર રોક લગાવી

જમ્મુ-કાશ્મીરના પહરલગામમાં મંગળવારે (૨૨ એપ્રિલે) ભયાનક આતંકવાદી હુમલો થયા બાદ ભારત પાકિસ્તાન વિરુદ્ધ કડકાઈથી કાર્યવાહી કરી છે. ભારતે ૧૯૬૦ સિંધુ જળ સમજૂતી ખતમ કરવા સહિત અનેક પગલા ભર્યા છે, જેના કારણે પાકિસ્તાનમાં ખળભળાટ મચી ગયો છે. ભારતના નિર્ણયની અસર આખા પાકિસ્તાન પર પડ્યો છે. આ જ ક્રમમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ગુરુવારે (૨૪ એપ્રિલ, ૨૦૨૫) એક ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠક પણ બોલાવી હતી, જેમાં તેમણે ભારતીય ફ્લાઈટ્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાનો આદેશ આપ્યો છે. એટલું જ નહી શાહબાજ સરકારે કહ્યું કે, પાણી રોકવું યુદ્ધ જેવી કાર્યવાહી છે.

પાકિસ્તાનના વડાપ્રધાનની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં તેઓએ ભારત આવતી અને જતી કોમર્શિયલ ફ્લાઈટ્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું છે. શાહબાઝ સરકારના જણાવ્યા અનુસાર, હવે ભારતીય ફ્લાઈટ્સને પાકિસ્તાની હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહી. સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના અને રાજદ્વારીઓને ભારતમાંથી હાંકી કાઢવાના ભારતના નિર્ણયથી પાકિસ્તાન નારાજ છે.

પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન ઈશાક ડારે બુધવારે મોડી રાત્રે એક ખાનગી ટેલિવિઝન ચેનલ સાથે વાત કરતા ભારતના આ પગલાને ઉતાવળમાં લેવાયેલો નિર્ણય ગણાવ્યો હતો.

## પાણી રોકવું એ યુદ્ધના આહ્વાન સમાન, ભારતના એક્શન બાદ પાકિસ્તાને એરસ્પેસ-વેપાર પર રોક લગાવી





જમ્મુ-કાશ્મીરના પહરલગામમાં મંગળવારે (૨૨ એપ્રિલે) ભયાનક આતંકવાદી હુમલો થયા બાદ ભારત પાકિસ્તાન વિરુદ્ધ કડકાઈથી કાર્યવાહી કરીછે. ભારતે ૧૯૬૦ સિંધુ જળ સમજૂતી ખતમ કરવા સહિત અનેક પગલા ભર્યા છે, જેના કારણે પાકિસ્તાનમાં ખળભળાટ મચી ગયો છે. ભારતના નિર્ણયની અસર આખા પાકિસ્તાન પર પડ્યો છે. આ જ ક્રમમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ગુરુવારે (૨૪ એપ્રિલ, ૨૦૨૫) એક ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠક પણ બોલાવી હતી, જેમાં તેમણે ભારતીય ફ્લાઈટ્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાનો આદેશ આપ્યો છે. એટલું જ નહી શાહબાજ સરકારે કહ્યું કે, પાણી રોકવું યુદ્ધ જેવી કાર્યવાહી છે.પાકિસ્તાનના વડાપ્રધાનની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં તેઓએ ભારત આવતી અને જતી કોમર્શિયલ ફ્લાઈટ્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું છે. શાહબાઝ સરકારના જણાવ્યા અનુસાર, હવે ભારતીય ફ્લાઈટ્સને પાકિસ્તાની હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહી. સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના અને રાજદ્વારીઓને ભારતમાંથી હાંકી કાઢવાના ભારતના નિર્ણયથી પાકિસ્તાન નારાજ છે. પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન ઈશાક ડારે બુધવારે મોડી રાત્રે એક ખાનગી ટેલિવિઝન ચેનલ સાથે વાત કરતા ભારતના આ પગલાને ઉતાવળમાં લેવાયેલો નિર્ણય ગણાવ્યો હતો. પહેલગામ હુમલા પછી જેદ્દાહથી તાત્કાલિક પરત ફરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિમાન પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રમાંથી પસાર થયું નહી અને અન્ય રસ્તેથી પસાર થયુંહતું.

## સુરત-તાપી જિલ્લાના પશુપાલકો માટે સુમુલ ડેરીની જાહેરાત, દૂધના કિલો ફેટે રૂ. ૧૨૦ બોનસ ચૂકવાશે




ગુજરાતના સુરત અને તાપી જિલ્લાના પશુપાલકોને ભાવફેર અને બોનસ આપવાને લઈને સુમુલ ડેરીએ મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી છે. જેમાં સુમુલ ડેરીના ચેરમેન દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ, પશુપાલકોને કિલોગ્રામ ફેટ દીઠ ૧૨૦ રૂપિયા બોનસ આપવામાં આવશે.

સુમુલ ડેરીના ડિરેક્ટરે જણાવ્યું હતું કે, 'ખેડૂતો અને પશુપાલકોની આવકમાં વધારો થાય તેવા પ્રયાસ કરવામાં આવશે. આમ ખેડૂતોને અને પશુપાલકોને ધ્યાનમાં રાખીને દૂધના ભાવફેર અને બોનસની જાહેરાત કરવામાં આવી છે. જેમાં સુરત અને તાપી જિલ્લાના ખેડૂતો અને પશુપાલકોને કિલોગ્રામ ફેટ લેખે રૂ. ૧૨૦ બોનસ અપાશે. જ્યારે સુરત અને તાપી જિલ્લાના ૨.૫૦ લાખથી વધુ ખેડૂતો માટે ભાવફેર અને બોનસ પેટે ૪૦૦ કરોડ રૂપિયા ચૂકવાશે. 'સુમુલ ડેરીની જાહેરાત બાદ સુરત અને તાપી જિલ્લાની ૧૨૦૦ મંડળી સાથે ૨.૫૦ લાખ પશુપાલકો ડેરી સાથે જોડાયેલા છે. જ્યારે અગાઉ ખેડૂતો અને પશુપાલકોને કિલોગ્રામ ફેટ લેખે ૧૧૫ રૂપિયા બોનસ ચૂકવવામાં આવતું હતું.

## એક હજાર નક્સલીઓ ઘેરાયા, ૨૦ હજાર જવાનો તૈનાતઃ નક્સલવાદ પર સૌથી મોટો પ્રહાર

છત્તીસગઢના બીજાપુર સુરક્ષાકર્મીઓની ટીમે એક હજારથી વધુ નક્સલીઓને ઘેરી ઓપરેશન હાથ ધર્યું છે. આ એનકાઉન્ટરમાં પાંચ નક્સલવાદીઓ ઠાર થયા છે. મીડિયા સૂત્રો અનુસાર, છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં આંતરરાજ્ય સરહદ પર કરેગુટ્ટા પહાડોના જંગલમાં સવારે-સવારે સુરક્ષાકર્મીઓની ટીમે નક્સલવાદી વિરોધી અભિયાન હાથ ધર્યું હતું. જેમાં નક્સલવાદીઓ અને સુરક્ષાકર્મીઓ વચ્ચે અથડામણ થઈ



હતી. આ અથડામણમાં પાંચ નક્સલવાદીઓ ઠાર થયા છે.સૂત્રો અનુસાર, છત્તીસગઢના બીજાપુરમાં સુરક્ષાકર્મીની ટીમે અત્યારસુધીમાં હાથ ધરેલા સૌથી મોટા ઓપરેશનમાં ૧૦૦૦થી વધુ નક્સલવાદીઓને ઘેર્યા છે. આ ઓપરેશનમાં છત્તીસગઢ, તેલંગાણા અને મહારાષ્ટ્રના ૨૦,૦૦૦ જવાનો સામેલ છે. સુરક્ષાકર્મીની ટીમે હાથ ધરેલા સર્ચ ઓપરેશનમાં બીજાપુરના પહાડ પર કોંક્રીટ સ્લેબથી બનેલા બંકરને ઘેર્યું હતું. જેમાં ૧૨ નક્સલવાદીઓ હોવાની બાતમી મળી હતી. આ બંકરને ઉડાવી દેવામાં આવ્યું છે. આ ઓપરેશન સીઆરપીએફના સ્પેશિયલ યુનિટ કોબરા(કમાન્ડો બટાલિયન ફોર રિઝોલ્યુટ ઍક્શન)ની ૨૦૮મી બટાલિયન જીદપલ્લી શિબિર દ્વારા હાથ ધરાયું હતું.

## વીજળીયા ગામે દરોડામાં ? ૨.૫૦ કરોડનો મુદ્દામાલ જપ્ત, બે ડમ્પર-હિટાચી મશીન સહિત સામાન કબજે

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના વીજળીયા ગામે ગેરકાયદે ખનન પ્રવૃત્તિ ઝડપાઈ છે. ચોટીલાના નાયબ કલેકટર અને તેમની ટીમે આકસ્મિક દરોડો પાડ્યો હતો. રાજુભાઈ વિરજીભાઈ ઉમરખાણીયા દ્વારા ખાનગી માલિકીની જમીનમાં ગેરકાયદેસર રીતે સફેદ માટીનું ખનન કરવામાં આવી રહ્યું હતું. સ્થળ પરથી બે ડમ્પર, બે હિટાચી મશીન, બે હિટાચી લઈ જવાના પાટલા જપ્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત એક લાઈટ પંખો, ૪૦ ફૂટ પીવીસી પાઈપ, એક સબમર્સીબલ પંપ અને ૭ મોબાઈલ મળી આવ્યા છે. કુલ મળીને અઢી કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.આરોપી રાજુભાઈ વિરજીભાઈ ઉમરખાણીયા સામે કલેકટરની પૂર્વ મંજૂરી વગર ગેરકાયદેસર ખનન કરવા બદલ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તેમની સામે ગુજરાત પ્રીવેન્શન ઓફ ઈલિગલ માઈનીગ, સ્ટોરેજ, ટ્રાન્સપોર્ટેશન નિયમો ૨૦૧૭ અને જમીન મહેસૂલ કાયદાની વિવિધ જોગવાઈઓ હેઠળ કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ચીનની ચાલાકી, ટેરિફથી બચવા આ દેશના લેબલ સાથે માલ-સામાનનો જથ્થો મોકલી રહ્યું છે અમેરિકામાં, જાપાની મીડિયાએ ખોલી પોલ

જ્યારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૨ એપ્રિલે વિશ્વભરના દેશો પર ટેરિફ લાદવાની જાહેરાત કરી, ત્યારે વિશ્વની બે આર્થિક મહાસત્તાઓ આમનેસામને આવી ગઈ. આ ટેરિફ યુદ્ધે સમગ્ર વૈશ્વિક અર્થતંત્ર માટે અનિશ્ચિતતાની પરિસ્થિતિ ઊભી કરી. એક તરફ, ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ઊંચા ટેરિફના જવાબમાં ચીને ટેરિફ દરોમાં વધારો કરીને બદલો લીધો છે, જ્યારે બીજી તરફ તે વોશિંગ્ટનને મૂર્ખ બનાવી રહ્યું છે અને અન્ય યુક્તિઓનો ઉપયોગ કરીને મોટા પ્રમાણમાં પોતાનો માલ મોકલી રહ્યું છે.હા, જાપાની મીડિયા નિક્કી એશિયા ન્યૂઝના અહેવાલો અનુસાર, ચીની



કંપનીઓ અમેરિકન ટેરિફથી બચવા માટે દક્ષિણ કોરિયાના લેબલનો ઉપયોગ કરી રહી છે. કોરિયાની કસ્ટમ્સ સર્વિસ અનુસાર, જાન્યુઆરીથી માર્ચ સુધીમાં, દક્ષિણ કોરિયામાંથી લગભગ ૨૯.૫ અબજ યેનની કિંમતનો માલ નિકાસ કરવામાં આવ્યો હતો, જેમાંથી લગભગ ૯૭ ટકા નકલી લેબલવાળા ચીની માલ હતા.ગયા વર્ષે દક્ષિણ કોરિયાએ ૩૪.૮ અબજ ડોલરની નિકાસ કરી હતી. આવી સ્થિતિમાં, ૨૦૨૪ માં થયેલી કુલ નિકાસમાંથી લગભગ ૮૫ ટકા નિકાસ માર્ચ સુધીમાં દક્ષિણ કોરિયા લેબલ સાથે મોકલવામાં આવી છે.દક્ષિણ કોરિયાના એક્સાઈઝ વિભાગે આવા ઘણા ઉદાહરણો આપ્યા છે, જેમ કે ચીનના ગાદલા. જેમના પર એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી લાદવામાં આવી રહી હતી. હવે, આનાથી બચવા માટે, ચાઈનીઝ ગાદલા પહેલા દક્ષિણ કોરિયાના એક વેરહાઉસમાં ચીની નાગરિકના નામે સંગ્રહિત કરવામાં આવી રહ્યા છે અને પછી દક્ષિણ કોરિયન ઉત્પાદનનું નકલી લેબલ લગાવીને અમેરિકા મોકલવામાં આવી રહ્યા છે.બીજું ઉદાહરણ રિચાર્જેબલ બેટરીનું છે. તેને ચીન પહેલા દક્ષિણ કોરિયા મોકલવામાં આવી રહ્યું છે. રિપેકેજિંગ અને તેના પર નકલી લેબલ લગાવ્યા પછી, તેને અમેરિકા નિકાસ કરવામાં આવી રહ્યું છે.

## સરકારની કાર્યવાહી, ભારતમાં રિલીઝ નહીં થાય પાકિસ્તાની એક્ટર ફવાદ ખાનની ફિલ્મ 'અબીર ગુલાલ

પહલગામ આતંકવાદી હુમલા વચ્ચે પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાનની આગામી ફિલ્મ અબીર ગુલાલનો ઘણો વિરોધ થઈ રહ્યો હતો. લોકો સોશિયલ મીડિયા પર ફિલ્મ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી રહ્યા હતા. હવે સરકારે આ અંગે એક મોટો નિર્ણય લીધો છે. જે મુજબ આ ફિલ્મ હવે ભારતમાં રિલીઝ થશે નહીં. માહિતી અને પ્રસારણ મંત્રાલયના સૂત્રોનું કહેવું છે કે પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાન અભિનીત ફિલ્મ 'અબીર ગુલાલ' ભારતમાં રિલીઝ થવાની મંજૂરી આપવામાં આવશે નહીં.આરતી એસ બાગડી દ્વારા દિગ્દર્શિત રોમેન્ટિક કૉમેડી ફિલ્મ અબીર ગુલાલ ૯ મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી. જોકે, મંગળવારે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની હૃદયદ્રાવક ઘટના બાદ, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા અને ઘણા અન્ય નાગરિકો ઘાયલ થયા હતા, લોકોના એક વર્ગે સોશિયલ મીડિયા પર ફિલ્મનો બહિષ્કાર કરવાની માંગ કરી છે. એક ટ્વિટમાં કહેવામાં આવ્યું છે કે, "અબીર ગુલાલને ભારતના કોઈપણ થિયેટરમાં રિલીઝ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં."

**તંત્રી લેખ......**

## એપ્રિલમાં દેશની સેવા તથા ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિઓ વધી હોવાના સંકેત

ભારતના માલસામાન તથા સેવા માટેની આંતરરાષ્ટ્રીય માગમાં જોરદાર વધારા તથા નવા ઓર્ડરમાં મજબૂત વૃદ્ધિને પગલે વર્તમાન મહિનાનો ભારતનો ઉત્પાદન તથા સેવા ક્ષેત્રનો પ્રારંભિક એચએસબીસી સંયુકત પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેકસ (પીએમઆઈ) વધી આઠ મહિનાની ટોચે જોવા મળ્યો છેએસએન્ડપી ગ્લોબલ દ્વારા તૈયાર કરાયેલો એપ્રિલ માટેનો સંયુકત પ્રારંભિક પીએમઆઈ ૬૦ રહ્યો છે જે માર્ચમાં ૫૯.૫૦ જોવા મળ્યો હતો. એપ્રિલમાં સતત ૪૫માં મહિને પીએમઆઈ ૫૦થી ઉપર રહ્યો છે જે સંબંધિત ક્ષેત્રમાં વિસ્તરણ સૂચવે છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ જ મહિનામાં નવા બિઝનેસમાં વધારાને ખાનગી ક્ષેત્રની કંપનીઓએ આવકાર્યો છે. સપ્ટેમ્બર, ૨૦૧૪થી જ્યારથી પીએમઆઈ તૈયાર કરવામાં આવી રહ્યો છે ત્યારથી વર્તમાન વર્ષના એપ્રિલમાં નિકાસ ઓર્ડરમાં સૌથી ઝડપી વધારો જોવા મળ્યો છે. ઉત્પાદન ક્ષેત્રમાં નવા ઓર્ડર ઉપરાંત, રોજગાર, ઓર્ડર પૂરા કરવાના સમયગાળા તથા ઈન્વેન્ટરીના સ્તરમાં છેલ્લા એક વર્ષમાં જોરદાર સુધારો થયો છે. માર્ચમાં ૫૮.૧૦ની સરખામણીએ એપ્રિલનો ઉત્પાદન ક્ષેત્રનો પ્રારંભિક ઈન્ડેકસ વધી ૫૮.૪૦ રહ્યો છે. ડોલર સામે રૂપિયાના ઘસારાને કારણે આંતરરાષ્ટ્રીય વેપારમાં સ્પર્ધાત્મક વધી હોવાનું પીએમઆઈ માટેના સર્વેમાં ભાગ લેનારી કંપનીઓમાંથી કેટલીક કંપનીના સંચાલકોએ મત વ્યકત કર્યો હોવાનું સર્વે રિપોર્ટમાં જણાવાયું હતું.અમેરિકા દ્વારા રેસિપ્રોકલ ટેરિફમાં ૯૦ દિવસની સ્થગિતીને કારણે પણ વિદેશમાંથી ઓર્ડરની માત્રા ઊંચી રહી હોવાનું માનવામાં આવે છે. ખર્ચનું પ્રમાણ માર્ચના સ્તરે જ લગભગ જળવાઈ રહ્યું છે પરંતુ કિંમતમાં સાધારણ વધારો કરાયો છે જેને કારણે કંપનીઓના માર્જિનમાં સુધારો જોવા મળી રહ્યાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

# ત્રણ હજાર કરોડના વેપારને અસરઃ વાઘા-અટારી બોર્ડર બંધ થતાં પાકિસ્તાનને થશે આ નુકસાન



જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ કેન્દ્ર સરકાર કડક કાર્યવાહી કરી રહી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની અટારી-વાઘા સરહદ બંધ કરી દેવામાં આવી છે. ભારતે પાકિસ્તાન સાથેની સિંધુ જળસંધિ સ્થગિત કરી દીધી છે, તમામ પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કરવા અને ૪૮ કલાકની અંદર ભારત છોડી દેવાના આદેશ આપી દીધા છે. સૂત્રોના જણાવ્યાનુસાર, ભારત હવે પાકિસ્તાનમાં માલની નિકાસ બંધ કરવાની પણ તૈયારી કરી રહ્યું છે. વર્ષ ૨૦૨૪માં ભારતની પાકિસ્તાનમાં નિકાસ ૧.૨૧ બિલિયન ડોલરના પાંચ વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી ગયું હતું.ભારતથી પાકિસ્તાનમાં ઘણી પ્રકારની ખાદ્ય ચીજોની નિકાસ કરવામાં આવે છે, જે રોજિંદા જીવનમાં ઉપયોગી છે જેમ કે વિવિધ પ્રકારના ફળો અને શાકભાજી.જેમાં બટાકા, ડુંગળી, લસણ વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે કઠોળ, ચણા, બાસમતી ચોખા પણ મોકલવામાં આવે છે. આ ઉપરાંત પાકિસ્તાન ભારતમાંથી કેરી, કેળા જેવા ઘણાં મોસમી ફળોની પણ આયાત કરે છે.ભારતીય ચા દુનિયાભરમાં પ્રખ્યાત છે. આસામ અને દાર્જિલિંગમાંથી સુગંધિત ચાના પાન પણ પાકિસ્તાન મોકલવામાં આવે છે. આ ઉપરાંત ભારત પાકિસ્તાનને મરચાં, હળદર, જીરું જેવા વિવિધ પ્રકારના મસાલા પણ મોકલે છે. આ સાથે ભારતથી પાકિસ્તાનમાં નિકાસ થતી અન્ય ચીજોમાં કાર્બનિક રસાયણો, દવાઓ, ખાંડ અને કન્ફેક્શનરીનો સમાવેશ થાય છે.પાકિસ્તાનથી ભારતમાં આવતી વસ્તુઓમાં સિમેન્ટ, સિંધવ મીઠું, મુલતાની માટી, કપાસ, ચામડું, કેટલાક તબીબી ઉપકરણોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પેશાવરી ચપ્પલ અને લાહોરી કુર્તા પણ પાકિસ્તાનથી ભારતમાં આયાત કરવામાં આવે છે.અમૃતસરથી માત્ર ૨૮ કિલોમીટર દૂર સ્થિત અટારી ભારતનું પ્રથમ જમીન બંદર છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે વેપાર ફક્ત અટારી-વાઘા સરહદ દ્વારા જ થાય છે, તેથી ૧૨૦ એકરમાં ફેલાયેલો અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૧ સાથે સીધો જોડાયેલો આ ચેક પોઈન્ટ વેપારમાં ખાસ કરીને અફઘાનિસ્તાનથી થતી આયાતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં અટારી-વાઘા કોરિડોર પર વેપાર ઘણાં ઉતાર-ચઢાવમાંથી પસાર થયો છે. જ્યારે વર્ષ ૨૦૧૭-૧૮ અને વર્ષ ૨૦૧૮-૧૯માં વેપાર ૪૧૦૦-૪૩૦૦ કરોડ રૂપિયાની વચ્ચે હતો, તે વર્ષ ૨૦૧૯-૨૦માં ઘટીને ૨૭૭૨ કરોડ રૂપિયા અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૬૩૯ કરોડ રૂપિયા થયો.વર્ષ ૨૦૨૨-૨૩માં વેપારમાં વધુ ઘટાડો થયો અને તે માત્ર ૨૨૫૭.૫૫ કરોડ રૂપિયાનો રહ્યો. જોકે ૨૦૨૩-૨૪માં એક મોટો ઉછાળો સાથે બન્ને દેશો વચ્ચેનો વેપાર વધીને ૩૮૮૬ કરોડ રૂપિયા થયો. ૨૦૨૩-૨૪માં આ માર્ગ પરથી ૬,૮૭૧ ટ્રકો પસાર થયા અને મુસાફરોની અવરજવર ૭૧,૫૬૩ નોંધાઈ.

# પહેલગામ હુમલાનો વિરોધ : માણસામાં VHP-બજરંગદળે આતંકવાદી પૂતળાનું દહન કર્યું, ૨૬ મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ








**માણસા નગરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો વિરોધ નોંધાવ્યો છે. તા. ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ પર્યટકોના મોત થયા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન માણસાના ઈટાદરા ચોકડી ખાતે આતંકવાદી પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. સાથે જ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા કેન્ડલ પ્રગટાવવામાં આવી હતી. કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ, આરએસએસ અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના તાલુકાના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રદર્શનકારીઓએ સરકાર પાસે આતંકવાદ સામે કડક કાર્યવાહીની માંગણી કરી હતી.**

## ડેટિંગ એપ પર યુવતીએ ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણનું કહ્યું, ૩૧ લાખ ગુમાવ્યા



ગાંધીનગરમાં એક મોટી સાયબર છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદની ખાનગી કંપનીમાં મેનેજર તરીકે કાર્યરત એક યુવાને ડેટિંગ એપ પર મળેલી અજાણી યુવતીના કહેવાથી ફોરેક્સ ટ્રેડિંગમાં ૩૧ લાખ રૂપિયા ગુમાવ્યા છે.

સેક્ટર-૩/સીમાં રહેતા ધવલ કુંતરે એપ્રિલ ૨૦૨૪માં ફોરેક્સ ટ્રેડિંગ માટે મોબાઈલમાં સર્ચ કર્યું હતું. આ દરમિયાન તેમનો 'દિલ મિલ' એપ પર શેરીન નામની યુવતી સાથે સંપર્ક થયો હતો. બંને વચ્ચે મેસેજથી વાતચીત શરૂ થઈ હતી. યુવતીએ ધવલને રોકાણ માટે એક વેબસાઈટની લિંક મોકલી અને રૂમ્પ્ઈહ્વફ્ફજીછ નામની એપ ડાઉનલોડ કરાવી હતી.૨૩ એપ્રિલથી ૨૨ મે દરમિયાન શેરીને ધવલ પાસેથી પ્રથમ ૨૯૦૦ જીર્હ (અંદાજે રૂ. ૨.૪૫ લાખ) બાઈબાઈટ વોલેટમાં મંગાવ્યા હતા. ત્યારબાદ ટેલિગ્રામ પર જુદા જુદા બેંક ખાતાઓમાં રૂ. ૨૮.૫૯ લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. કુલ રૂ. ૩૧.૦૪ લાખ ટ્રાન્સફર કર્યા બાદ જ્યારે ધવલે રકમ પરત મેળવવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે તેને છેતરપિંડીનો અહેસાસ થયો હતો. આ મામલે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જે.કે. રાઠોડના નેતૃત્વમાં આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

## હેમચંદ્રાચાર્ય યુનિ.ની કોલેજોએ સરકારી પોર્ટલ પર માહિતી ન મૂકતા સૈદ્ધાંતિક મંજૂરી અટવાઈ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી ૭૧૦ કોલેજોમાંથી ૨૭૨ કોલેજોએ સરકારના ઉદયમ કોજેન્ટ પોર્ટલ પર માહિતી અપલોડ કરી નથી. આ કારણે તેમની સૈદ્ધાંતિક મંજૂરી અટકી પડી છે. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.સી. પોરિયાએ જણાવ્યું કે વારંવાર સૂચના આપવા છતાં કોલેજો માહિતી અપલોડ કરતી નથી. જો આ કોલેજો માહિતી અપલોડ નહી કરે તો આવનારા નવા શૈક્ષણિક સત્રથી પ્રવેશ પ્રક્રિયા અટકી શકે છે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે સરકારી, ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને માહિતી અપલોડ કરવા સ્પષ્ટ સૂચના આપી છે. જે કોલેજોએ માહિતી અપલોડ કરી છે, તેમની ચકાસણી બાદ સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. કુલપતિએ વધુમાં જણાવ્યું કે જે કોલેજોની સૈદ્ધાંતિક મંજૂરી મળશે, તેમની યાદી જીકાસ પોર્ટલ પર મૂકવામાં આવશે. માત્ર આ પોર્ટલ પર સૂચિબદ્ધ કોલેજો જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે.

આ ઉપરાંત નર્સિંગ કોલેજોને પણ ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ ની માન્યતા મેળવેલી નહીં હોય તો તેમને જીકાસ પોર્ટલ પર ન લેવાની સૂચના સરકાર તરફથી મળશે તો યુનિવર્સિટી તે મુજબની કાર્યવાહી પણ કરશે નર્સિંગ કોલેજની પ્રવેશની પ્રક્રિયા એસીપીસી દ્વારા કરવામાં આવતી હોય છે.

## ગાંધીનગરમાં ગરમીનો પારો ૪૨.૮ ડિગ્રી સુધી પહોંચ્યો



ગાંધીનગરમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે. છેલ્લા બે દિવસમાં મહત્તમ તાપમાનમાં ૨.૩ ડિગ્રીનો વધારો નોંધાયો છે. બુધવારે શહેરનું મહત્તમ તાપમાન ૪૨.૮ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર પૂરી થયા બાદ હવે પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમના ગરમ પવનો ફૂંકાવાનું શરૂ થયું છે.આગામી ત્રણ દિવસમાં ગરમીનો પારો વધુ ઉંચકાય તેવી આગાહી કરવામાં આવી છે. ગુરુવારે સવારે શહેરનું તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું છે. બપોર સુધીમાં તે ૪૧ ડિગ્રીને પાર કરી શકે છે. બુધવારે શહેરમાં લઘુત્તમ તાપમાન ૨૨.૮ ડિગ્રી રહ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૪૧ ટકા અને સાંજે ૧૪ ટકા નોંધાયું હતું. બપોરના સમયે આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય તેવી તીવ્ર ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. નગરજનો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

## પાટણમાં શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયાઃ૭૭૧માંથી ૭૪૭ ઉમેદવારોના દસ્તાવેજોનું વેરિફિકેશન પૂર્ણ

પાટણ જિલ્લામાં શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયા અંતર્ગત દસ્તાવેજ ચકાસણીની કામગીરી પૂર્ણ થઈ છે. આ પ્રક્રિયામાં બિન સરકારી અનુદાનિત અને સરકારી શાળાઓ માટે કુલ ૭૭૧ ઉમેદવારોને બોલાવવામાં આવ્યા હતા. બિન સરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શાળાઓ માટે ૫૧૦ ઉમેદવારોમાંથી ૪૯૪ હાજર રહ્યા હતા. સરકારી શાળાઓ માટે ૨૬૧ ઉમેદવારોમાંથી ૨૫૩ હાજર રહ્યા હતા.

## સમી નજીક ત્રિપલ અકસ્માતઃટ્રકે ટક્કર મારતાં ઇકો પંકચર થયેલા પીકઅપને અથડાઇ, બે ગંભીર, ત્રણને સામાન્ય ઈજા

પાટણ જિલ્લાના સમી તાલુકાના વરાણા ગામના બસ સ્ટેન્ડ નજીક નાના પુલ પર ત્રિપલ અકસ્માત સર્જાયો છે. એક પંકચર થયેલું પીકઅપ ડાલું રસ્તા પર ઊભું હતું. તે દરમિયાન પાછળથી આવતી એસટી બસે સામેના વાહનને માર્ગ આપવા ધીમી ગતિ કરી હતી.ચૌલક્રિયા પ્રસંગે ઝીઝુવાડા જતા પરિવારની ઈકો ગાડીએ પણ ગત? ધીમી કરી હતી. આ સમયે પાછળથી આવેલી ટ્રકે ઈકોને ટક્કર મારતાં, ઈકો ગાડી એસટી બસ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં ઈકો ગાડીમાં સવાર પાંચ લોકોમાંથી ત્રણને સામાન્ય ઈજાઓ થઈ હતી. વિમળાબા ચંદુભાને માથા અને પગના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને પાટણ ખસેડવામાં આવ્યા છે.

## જય અંબે સ્કૂલ દ્વારા કેરીના રસનું વિતરણ કરાયું




નેત્રંગની જય અંબે લીટલા સ્કૂલના સ્ટાફ પરિવારના માર્ગદર્શન હેઠળ શાળાના બાળકો દ્વારા રાહદારીઓને ગરમીની મોસમમાં કેરીના રસનું વિતરણ કરી શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજીક જાગૃતિ કૌશલ્ય વિકસાવાનો પ્રયત્ન કરાયો હતો.જેને સૌ કોઈએ સરાહનીય લેખાવ્યો હતો.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG.SS.No.387**
વિષય: "કહેવાય નહીં"
શિર્ષક:"રાઝ કો રાઝ રહને દો"
પ્રકાર: પદ્ય, શબ્દો: ૧૫૮

માનો જેને સગાંવહાલાં સમયે તો બને ભાલા... કહેવાય નહીં
કદાવર હાથી કે હિંસક સિંહ ને સાવ નાનું મગતરુ મચ્છર કેવું હેરાન કરે!
કહેવાય નહીં
આંખ માં પડેલ કચરો અને કોળિયા માં આવેલ કાંકરી
કેવી હાલત કરે! કહેવાય નહીં
સગા કે મિત્ર ક્યારે પીઠ પાછળ ઘા કરે!
એ પણ કહેવાય નહીં
રૂપ, રૂપિયા કે રૂઆબ ક્યારે રુખસદ લે કહેવાય નહીં
જીન્દગી આખીય બોસીઝમ કરનાર ની શું હાલત થાય એ પણ કહેવાય નહીં
કોણ જીવનમાં આવી ને જીવન નંદનવન બનાવે/પથારી ફેરવે... કહેવાય નહીં
જીવન ખુલ્લી કિતાબ જેવું જીવવું પણ અંગત વાતો કોઈનેય કહેવાય નહીં
તાશ ની જેમ જીંદગી ની બાજી ક્યારે પલટી મારે... કહેવાય નહીં
કર્મોનું ફળ કેવીરીતે મળે.. કહેવાય નહીં
જીન્દગી ની રેસ માં ચોગ્ગા, છગ્ગા લગાવતા (૨) ક્યારે ભગવાન ના ઘરે જવાનું થાય ... કહેવાય નહીં
માટે જ
ઓ વિશ્વ પતિ તારા વિશ્વાસે મારો ચાલે છે વહેવાર...
રહીશ ના દૂર (૨)

પુનિતા બેન દવે -મણિનગર અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOGSS NO 385***
★વિષય:-★ ★કહેવાય★ ★નહીં★
★શીર્ષક:-★ ★કહેવાય★ ★નહીં★
★પ્રકાર:-★ ★અછાંદસ★ ★ગઝલ★
★શબ્દ સંખ્યા:-★ ★૧૨૨★

જીવનપથ પર કોણ ક્યારે મળી જાય, કહેવાય નહીં,
કદીક જોયેલું સ્વપ્ન ક્યારે ફળી જાય, કહેવાય નહીં.

કરવો હોય ભરોસો તો ફક્ત પોતાની જાત પર કરવો,
આપણું કોઈ અંગત ક્યારે છળી જાય, કહેવાય નહીં.

ઊભા રહો છો સામે ચહેરો જોવા, તે છતાં એ દર્પણ,
મનમાં રહેલા ભાવને ક્યારે કળી જાય, કહેવાય નહીં.

અમિદષ્ટિમાં કોઈની ડૂબતાં પહેલાં એ વિચારી જુઓ,
અમૃતની સાથે વિષ ક્યારે ભળી જાય, કહેવાય નહીં.

જો મળી જાય કદીક ખુશી, તો તેને સંતાડીને રાખવી.
ઈર્ષાની આગમાં કોઈ ક્યારે બળી જાય, કહેવાય નહીં.

પ્રારબ્ધ તો રહે છે, કાયમને માટે બે ડગલાં છેટું ને છેટું,
આંગણે આવી પાછું ક્યારે વળી જાય, કહેવાય નહીં.

સદા શ્રદ્ધા રાખજે બસ તું 'સનમ' ઈશ્વર ઉપર કેવળ,
આવેલી વિપદા બધી ક્યારે ટળી જાય, કહેવાય નહીં.

મુકુલ દવે "સનમ".

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSN 0089**
વિષય. કહેવાય નહી
શીર્ષક મૌનવ્રત
ગદ્ય. શબ્દો ૧૯૦
—-

અરે, મોઢું ખોલવાની ના પાડી હતી. બધી વસ્તુ બધાને ન કહેવાય . વાતનું વતેસર થતા વાર ન લાગે.
રમેલા પોતાની દીકરી રૈનાને કહી રહી હતી. તેને ખબર હતી જીવનમાં ઘણીવાર કહેવાય નહીં અને સહેવાય નહીં એવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે મૌનં પરં ભૂષણં.
કહેવાઈ જાય પછી ઉભા થતા સંજોગોના પરિણામ ભોગવવા માનવ તૈયાર નથી હોતો. ક્યારે , ક્યાં શું કહેવું એ વિચાર માંગી લે તેવી વાત છે.
વાણી એકવાર નિકળે પછી તેનું કાર્ય પુરુ કરે છે. જો કહેવાઈ ગયું પછી ખેલ ખતમ.
મીઠું બોલનાર , ભલે અંતરમાં મલીન હોય પણ જંગ જીતી જાય છે. જ્યારે સત્ય કહેનાર અનેક મુસીબતમાં ફસાય છે.
તે સમયે કહેવાઈ જાય એટલે સહેવું પડે તેનો અર્થ સમજાય છે. ઘણું મોડું થઈ ગયું હોય છે. માથે હાથ દઈ બેસવાનો સમય આવે છે.
સજાગતા તેનો ઈલાજ છે. મૌન રહેવું એ ઔષધિ તેમાંથી પાર પાડે છે.
અંતમાં માનવ સ્વભાવ ક્યારે બદલાય તે કહેવાય નહી. આજે ગમતું કાલે અણગમતું થાય તે કહેવાય નહી. ઝરમર વરસતો વરસાદ ક્યારે ધોધમાર ટૂટી પડે કહેવાય નહી.
આજે હતી કાલે ન હતી થાય એ જીવનની ગતિ કહેવાય નહી. બને ત્યાં સુધી આંખ અને કાનનો ઉપયોગ છૂટથી કરવો. વાણીનો સંયમ કયારે ટૂટી જાય કહેવાય નહી.

પ્રવિણા કડકિઆ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.343**
વિષય :- કહેવાય નહીં
શીર્ષક :- વાત કરતા વિચારજો
પ્રકાર:- પદ્ય શબ્દો:-૮૫

કેટલીય અંગત વાતો કહેવા જેવી અસહ્ય હોય છતાં કોઈને કહેવાય નહીં,
વાત જ્યારે દિલમાં સમાઈ નહી અને કોઈને કીધા વગર સહેવાય નહી,
કાયમી બોધપાઠ જાણતા હોવા છતાં વાત કર્યા વગર રહેવાય નહી,
વાતમાં સાચું છુપાવી ખોટું ભેળવીને વાતનું વતેસર કરી કોઈને વગોવાય નહીં,
સુખ દુ:ખમાં રંગ બદલતા ને વાત કરતાં વિચારજો જે સમયે બદલાય નહીં,
કેટલીય વાતથી દ્રેષ વેર બીજારોપણ થાય જે ગંભીરતા સમજી જાણ્યા સિવાય શબ્દો બોલાય નહી,
"ચંદ્ર" ની ઉજ્જવળતામાં ગ્રહણ જેવી ડાઘરૂપી વાત સહેવાય નહીં છતાં કોઈને કહેવાય નહીં.

" ચંદ્ર " ચંદ્રકાન્ત હરીલાલ માઢક (નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS No:- 168**
વિષય:-કહેવાય નહીં
શીર્ષક:-..... અંગત વાત નાં કહેવાય
પ્રકાર:- સંખ્યા

શું નાં કહેવાય, બધું કહેવાય,
ખુલ્લી કિતાબ બની , જીવન જીવવું.

કહેવાય નહીં, અંગત વાતોને ,
કહેવાય નહીં , ????? ?????? બનીને .

કહેવું તો સત્ય કહેવું,
સત્ય જેવો કોઈ ધર્મ નથી.

ના કહેવાય બધું લોકલાજ સમજી,
જે આપણા અંગત છે.

અંગત જેવું કોઈ મિત્ર નથી ,
અંગત જેવું કોઈ સગું નથી.

શું કહેવું શું નાં કહેવું ,
તે સંસ્કાર જરૂર કેળવજો.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.:0101**
વિષય : કહેવાય નહીં
શીર્ષક: હોય તો કહેવાય નહીં
પ્રકાર:અછાંદસ કાવ્ય શબ્દો: ૭૬

સંપત્તિ સાથે લઈ જવાના હોય તો કહેવાય નહીં,
કફનમાં ખિસ્સું રાખવાના હોય તો કહેવાય નહીં.

મધદરિયે તુફાન ટકરાતાં સફર નથી કંઈ અટકતી,
દિશા નહીં નાવ બદલવાના હોય તો કહેવાય નહીં.

આંખોની શુષ્ક વાવમાં લાગણીની ભીનાશ આવશે!
ઉરના શેષ હેતમાં ભીંજાવાના હોય તો કહેવાય નહીં.

ના રહ્યાં સંબંધ ભીના તોયે માનવ કેમ સેવે આશા,
આ વેરનાં વહાણાં વાળવાના હોય તો કહેવાય નહીં.

કોરી લૂ વાતાં રણમાં ચોમાસાની મોસમ આવી કે શું,
મૃગજળના વરસાદ પડવાના હોય તો કહેવાય નહીં,

ભરત સાંગાણી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'કહેવાય નહી'
શીર્ષક :- 'ઈશ્ક બેસુમાર છે'
પ્રકાર :- પદ્ય-ગઝલ (શબ્દો :- ૧૦૧)

મંજુસામાં બંધ કરેલા, મૌન ના પડઘા ઉલેચો,
શબ્દોની ઘટમાળ નીકળે, કંઈ પણ કે'વાય નહીં.

આ સુહાની સફરમાં સાથે, સ્નેહ ભરેલો સાથ દેજો,
વેરી પણ વા'લા બની જાય, કંઈ પણ કે'વાય નહીં.

એક મુગ્ધા છોકરી છે, તેને યૌવન વીંઝે વિંઝણો,
પ્રેમમાં પાગલ બની જાય, કંઈ પણ કે'વાય નહીં.

ઊંડા ઊંડા શ્વાસ ભરી ને, મેંદી મૂકતી હાથમાં,
ક્યારે પરણું પરણું થઈ જાય, કંઈ પણ કે'વાય નહીં.

દુન્યવી વાતો ભૂલી ને, ઈશ્કની તે વાતો ધરીતી,
ક્યારે તે છૂમંતર થઈ જાય, કંઈ પણ કે'વાય નહીં.

ઈશ્ક ભરેલો મિજાજ 'સ્વજન'નો, ઈશ્ક બેસુમાર છે,
શ્યામ દર્શન મળી પણ જાય, કંઈ પણ કે'વાય નહીં.
યોગેશભાઈ પંડયા 'સ્વજન' જુનાગઢ.)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO-162**
વિષય- કહેવાય નહીં
શીષઁક- કહેવાય નહીં
પ્રકાર- પધ , શબ્દ-૪૫

"કહેવાય નહીં અને સહેવાય નહિ
મુંગી ઠોકી મનમાં જાણે

" કહેવાય છે ને કે બોલે તેના બોર વહેંચાય ને ન બોલવામાં ૯ ગુણ

" સો વાત ની એક વાત, વાત કરવામા ૧૦૦ વાર વિચાર કરવો

" મનના માયલાને કોઈ સમજી શક્યું નથી કંઈ કહેવું અઘરું બને

" મન હોય તો માળવે જવાય નહિ તો
હીરો ઘોઘે જયાવયો કહેવાયપ.

- રેખા નાકરાણી મુંબઈ -

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 224**
વિષય :- કહેવાય નહીં
શીર્ષક :- કહેવાય નહીં
પ્રકાર :-પદ્ય - શબ્દ :- ૯૨

નવી નવી પણ સારી, સાહિત્યની આ દુનિયા;
લાગે દૂર થાય વ્હાલા, એ કહેવાય નહીં.

ના જુએ કે ના બોલાવે,
આભાર - નિહારીકા રવિયા અતડું શરૂઆતમાં;
મળે પછી ક્યાંથી ભૂલે, એ કહેવાય નહીં.

છેલ્લે બેસવાનું ખૂણે, છવાઈ જતા આગળ;
અગ્ર ક્રમ પણ આપે, એ કહેવાય નહીં.

લાગતા ને વળગતા, ચાંચમાં ચાંચ જ હોય;
આપણને અંદર લે, એ કહેવાય નહીં.

અભિમાની ને અતડા, લાગતા શરુ શરુમાં;
આપણા બોલે તાળીઓ, એ કહેવાય નહીં.

નાના મોટા જુદા ગૃપ, અંદરોઅંદર ભેદ;
છતાંયે પ્રેમથી એક, એ કહેવાય નહીં.

બધા લખે વાંચે બધા, હરખાય સૌ ત્વરિત;
કેટલું જલ્દી આ ઐક્ય, એ કહેવાય નહીં.

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'

# પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સમા ગુજરાત મોખરે, ૧૩,૭૮૧ પંચાયતો વધુ સારું પ્રદર્શન કરી ટોચ પર

ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ માટે તાજેતરમાં પહેલી વાર પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ (છેં) જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ગુજરાતે ગ્રામીણ શાસન અને ટકાઉ વિકાસના ક્ષેત્રમાં એક નવો માપદંડ સ્થાપિત કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સશક્ત ગામડાંઓ, સમૃદ્ધ દેશ'ના વિઝન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના કાર્યક્ષમ નેતૃત્વ હેઠળ ગુજરાતે ગ્રામીણ વિકાસમાં આ અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૨૪ એપ્રિલે ઉજવવામાં આવતો રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ ૧૯૯૨માં પસાર થયેલા ૭૩મા બંધારણીય સુધારા અધિનિયમની યાદ અપાવે છે. આ કાયદાએ ભારતમાં પંચાયતી રાજ પ્રણાલીની સ્થાપના કરી અને ગ્રામીણ ભારતમાં સ્થાનિક સ્વરાજ્યને મજબૂત બનાવ્યું. આ સંદર્ભમાં પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સમાં ગુજરાતની તાજેતરની સિદ્ધિ મજબૂત ગ્રામીણ શાસન અને ટકાઉ ગ્રામીણ વિકાસમાં તેના મજબૂત નેતૃત્વને પ્રતિબિંબિત કરે



છે.રાષ્ટ્રીય મૂલ્યાંકનમાં ગુજરાત ૩૪૬ "અગ્રણી" અને ૧૩,૭૮૧ "વધુ સારું પ્રદર્શન કરનારી" પંચાયતો સાથે ટોચ પર છે. પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ (છેં) ના રાજ્યવાર મૂલ્યાંકનમાં ગુજરાત ૩૪૬ ગ્રામ પંચાયતો સાથે મોખરે રહ્યું હતું. સારું પ્રદર્શન કરનારી પંચાયતોની સંખ્યામાં પણ ગુજરાત દેશમાં સૌથી આગળ છે. રાજ્યની ૧૩,૭૮૧ પંચાયતો સામેલ છે. ભારત સરકાર દ્વારા પહેલી વાર પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ (છેં) જાહેર કરવામાં આવ્યો છેભારત સરકારના આ પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સમાં દેશભરની કુલ ૨,૧૬,૨૮૫ માન્ય ગ્રામ પંચાયતોમાંથી ગુજરાતની ૩૪૬ પંચાયતોને 'અગ્રણી' અને ૧૩,૭૮૧ પંચાયતોને 'વધુ સારું પ્રદર્શન' કરનારી શ્રેણીમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ બંને શ્રેણીઓમાં ગુજરાત દેશમાં મોખરાનું રાજ્ય બન્યું છે. આ ઈન્ડેક્સમાં તેલંગણા ૨૭૦ 'અગ્રણી' પંચાયતો સાથે બીજા ક્રમે રહ્યું હતું, જ્યારે 'વધુ સારું પ્રદર્શન' શ્રેણીમાં મહારાષ્ટ્ર ૧૨,૨૪૨ પંચાયતો સાથે બીજા ક્રમે રહ્યું અને તેલંગણા ૧૦,૦૯૯ પંચાયતો સાથે ત્રીજા ક્રમે રહ્યું. આ છેં સૂચકાંકમાં દેશની ૨,૫૫,૬૯૯ ગ્રામ પંચાયતોમાંથી ૨,૧૬,૨૮૫ પંચાયતોએ માન્ય ડેટા રજૂ કર્યો હતો, જેમાંથી ૬૯૯ પંચાયતો 'અગ્રણી', ૭૭,૨૯૮ 'વધુ સારું પ્રદર્શન કરનારી' અને ૧,૩૨,૩૯૨ 'મહત્વાકાંક્ષી' પંચાયતો હતી. રાજ્ય નોડલ અધિકારી અને ગુજરાતના પંચાયત વિભાગના ઍડિશનલ ડેવલપમેન્ટ કમિશનર ડૉ. ગૌરવ દહિયા (છજી) એ આ સિદ્ધિ માટે રાજ્ય સરકારની વ્યૂહરચના પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, "ગુજરાતની આ સિદ્ધિ રાજ્યની પાયાના વિકાસ અને ટકાઉ વિકાસ લક્ષ્યોના સ્થાનિકીકરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ સફળતા પાછળ અનેક સમીક્ષા બેઠકો, વિવિધ ક્ષમતા નિર્માણ સત્રો અને તમામ સ્તરે સંકલિત પ્રયાસોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ગુજરાતની પંચાયતોએ ડેટા-આધારિત આયોજન અને વિભાગીય સંકલનનું પ્રભાવશાળી ઉદાહરણ રજૂ કર્યું છે. "વિકસિત પંચાયત"ના વિઝનને આધાર બનાવીને રાજ્ય સરકાર પુરાવા-આધારિત સુશાસન દ્વારા વડાપ્રધાનશ્રીના "વિકસિત ભારત"ના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં સતત અગ્રેસર છે."

# ભારતે દિલ્હીમાં પાકિસ્તાનના ટોચના રાજદ્વારીને બોલાવ્યા, આ આદેશ કર્યો જારી - PAHALGAM TERROR ATTACK

નવી દિલ્હી: પહેલગામ હુમલા બાદ કેન્દ્રની મોદી સરકારે આતંકવાદ સામે મોટી કાર્યવાહી કરી છે. સિંધુ જળ સંધિ પર રોક લગાવવાની સાથે, ટોચના પાકિસ્તાની રાજદ્વારીને સમન્સ પાઠવવામાં આવ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેમને મોદી સરકારના કડક નિર્ણયો વિશે માહિતી આપવામાં આવી હતી. તેમને આદેશોના અમલીકરણ માટે સમય મર્યાદા પણ જણાવવામાં આવી હતી.

અહેવાલ મુજબ, ભારતે દિલ્હીમાં પાકિસ્તાનના ટોચના રાજદ્વારી સાદ અહેમદ વરાઈચને સમન્સ પાઠવ્યું છે. મંગળવારે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા કાયરતાપૂર્ણ હુમલા બાદ ભારત દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા.અનંતનાગ જિલ્લાના પહેલગામ વિસ્તારમાં થયેલા આતંકવાદી હુમલાએ એક સમયે શાંતિ માટે જાણીતા સ્થળને માતમના સ્થળમાં ફેરવી નાખ્યું છે. પીએમ મોદી બુધવારે સાઉદી



અરેબિયાની મુલાકાત ટૂંકાવીને ભારત પરત ફર્યા અને કેબિનેટ સમિતિનીબેઠક યોજી. બે કલાકથી વધુ ચાલેલી આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને વિદેશ મંત્રી એસ જયશંકર સહિત અન્ય નેતાઓ હાજર રહ્યા હતા.

વિદેશ મંત્રાલયે બુધવારે મીડિયાને પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ જાહેર કરાયેલા પગલાં વિશે માહિતી આપી. વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે આતંકવાદી હુમલાની ગંભીરતાને સમજીને, સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિ (ઝઝજી) એ નીચેના પગલાં લેવાનો નિર્ણય લીધો, જેમાં પાંચ મુખ્ય નિર્ણયોનો સમાવેશ થાય છે.

આ અંગે માહિતી આપતાં વિદેશ સચિવે કહ્યું કે નવી દિલ્હીમાં પાકિસ્તાની હાઈ કમિશનમાં લશ્કરી સલાહકારોને અનિચ્છનીય વ્યક્તિઓ જાહેર કરવામાં આવ્યા છે. તેમને ભારત છોડવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ માટે એક અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો છે. એટલું જ નહીં, ભારત પાકિસ્તાનમાં તેના હાઈ કમિશનમાં તૈનાત લશ્કરી સલાહકારોને પણ પાછા બોલાવશે. આ પદોને હાલ પૂરતા રદ કરવામાં આવશે.તેમણે એમ પણ કહ્યું કે અટારી ચેકપોસ્ટ તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવશે. મિસરીએ કહ્યું, 'જેઓ માન્ય મંજૂરી સાથે સરહદ પાર કરી ચૂક્યા છે તેઓ ૧ મે, ૨૦૨૫ પહેલા તે માર્ગે પાછા ફરી શકે છે.'

' સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો નિર્ણય તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવશે. આ નિર્ણય ત્યાં સુધી ચાલુ રહેશે જયાં સુધી સરહદ પાર આતંકવાદને પ્રોત્સાહન આપવાનું બંધ ન થાય. તેમણે એમ પણ કહ્યું કે પાકિસ્તાની નાગરિકો માટે સાર્ક વિઝા મુક્તિ યોજના પર પણ કડકતા જાળવવામાં આવી છે. હવે પાકિસ્તાની નાગરિકોને આ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

મિસરીએ કહ્યું, 'ભૂતકાળમાં પાકિસ્તાની નાગરિકોને જારી કરાયેલા તમામ જીફઈજી વિઝા રદ ગણવામાં આવશે.' જીફઈજી વિઝા હેઠળ ભારતમાં હાજર કોઈપણ પાકિસ્તાની નાગરિક પાસે ભારત છોડવા માટે ૪૮ કલાકનો સમય હોય છે. વિદેશ સચિવે જણાવ્યું હતું કે ૧ મે, ૨૦૨૫ સુધીમાં વધુ ઘટાડો કરવામાં આવશે, જેનાથી હાઈ કમિશનની કુલ સંખ્યા હાલના ૫૫ થી ૩૦ થશે. મિસ્ત્રીએ મીડિયાને જણાવ્યું હતું

# કોળી આગેવાનો ગાંધીનગરમાં મળીયા.



ગાંધીનગર ખાતે અખિલ ભારતીય કોળી સમાજ ના પ્રદેશ પ્રમુખ અને કોળી સમાજ ના ભામાશા અનેક સામાજિક શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલ ચંદ્રવદન પીઠાવાલા સાથે ઉના ના કોળી સમાજ ના યુવા આગેવાન અને અખિલ ભારતીય કોળી સમાજ ના પ્રદેશ મહામંત્રી રસિક ચાવડા (આર. સી.) ની મુલાકાત ગુજરાત સરકાર ના પાણી પુરવઠા અને સિંચાઈ કેબિનેટ મંત્રી  કુંવરજીભાઇ બાવળિયા સાથે થઈ.સામાજિક ચર્ચા ઓ સાથે બિહાર કોળી સમાજ ના પ્રમુખ એ સંગઠન માં જોડાવા બાબતે દરખાસ્ત કરી હતી અને તે બાબતે ચર્ચા ઓ થઈ.સામજિક વિકાસ બાબતે ચર્ચાઓ માં સાથે ચીખલી કોળી સમાજ ના સંગઠન મંત્રી દિનેશભાઈ પટેલ પણ હાજર રહ્યા હતા.

# આપણે સૌ દેશની ઉન્નતી અને ભાવિ પેઢીના નિર્માણમાં સહભાગી થઈએ: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

રાજ્યપાલ અને કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ટાઉનહોલ-ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીનો ૧૧મો દીક્ષાંત સમારોહ યોજાયો હતો. જેમાં ૭૪૨ વિદ્યાર્થીઓને પશુચિકિત્સા, ડેરી અને મત્સ્યપાલન શાખાઓના વિવિધ અભ્યાસક્રમોની પદવી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત રાજ્યપાલશ્રીના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ૧૦૫ મેડલ પણ અર્પણ કરવામાં આવ્યા હતા.આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આપણે રહેવા માટે મકાનો બનાવીએ છીએ, કેનાલો બનાવીએ છીએ, કારખાનાઓ ઊભા કરીએ છીએ, વિશાળ હૉલ બનાવીએ છીએ, એટલે કે જીવનમાં ઉપયોગી અનેક વસ્તુઓ બનાવીએ છીએ, જેની પાછળનો મુખ્ય હેતુ સુખી રહેવાનો છે. પરંતુ આયુર્વેદ અનુસાર સુખનો આધાર ઉત્તમ સ્વાસ્થ્ય છે. આયુર્વેદમાં કહ્યું છે કે, ધર્મ, અર્થ અને કામ કરતા મોક્ષની પ્રાપ્તિ કરવા માટેનો પહેલો આધાર સ્વસ્થ શરીર છે. એટલે જ કહેવાયું છે કે, પહેલું સુખ નિરોગી કાયા. આથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં લોકોને સ્વસ્થ આહાર મળી રહે તે માટે પ્રાકૃતિક કૃષિ મિશન શરૂ કરવામાં આવ્યું છે. પ્રાકૃતિક કૃષિ અને ઓર્ગેનિક (જૈવિક) ખેતી વચ્ચે જમીન આસમાનનું અંતર છે તેમ જણાવી રાજ્યપાલશ્રીએ કહ્યું કે, પૂરતી જાણકારીના અભાવે લોકો પ્રાકૃતિક ખેતીને ઓર્ગેનિક ખેતી સમજી બેસે છે. ઓર્ગેનિક ખેતીમાં ઉત્પાદન વધતું નથી, ખર્ચ ઘટતો નથી અને મહેનત પણ ઘટતી નથી, જ્યારે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વ્યવસ્થિત રીતે કરવામાં આવે તો નહીવત ખર્ચે પ્રથમ વર્ષથી જ રાસાયણિક ખેતી જેટલું ઉત્પાદન મેળવી શકાય છે. અને ત્યારબાદ દર વર્ષે ઉત્પાદન વધે છે.

ગુરુકુળ કુરુક્ષેત્રમાં મારી પાસે ૪૦૦ ગાય છે અને મારી ગાયો દિવસનું એવરેજ ૨૬ લીટર દૂધ આપે છે. આટલું બધું દૂધ ઉત્પાદન નસલ સુધારણાને પરિણામે શક્ય બન્યું છે. જેના માટે સેક્સ સોર્ટેડ સીમનનો ઉપયોગ કરવામાં આવે છે. વિદેશમાં ૨૨૦૦ રૂપિયામાં મળતું સીમન આપણે ત્યાં સ્વદેશી રીતે ફક્ત રૂપિયા ૭૦૦ માં તૈયાર થાય છે અને રાજ્ય સરકારે તેને પ્રોત્સાહન આપવા માટે ખેડૂતો અને પશુપાલકોને ફક્ત રૂપિયા ૫૦માં ઉપલબ્ધ કરાવ્યું છે. મારા ગુરુકુલ ફાર્મમાં ગયા વર્ષે ૧૦૦ ગાયોને સેક્સ સોર્ટેડ સીમન આપ્યું હતું, જેમાંથી ૯૨ વાછડીઓ જન્મી છે. રાજ્યપાલશ્રીએ તમામ વિદ્યાર્થીઓને અપીલ કરી કે, આપ જે આજે ડિગ્રીઓ મેળવી છે તો તેને ફક્ત નોકરીનું સાધન ના બનાવતા, પરંતુ તમારું આ જ્ઞાન દેશને કામ આવે. પશુપાલન દ્વારા લોકોનું આરોગ્ય બચાવવું તે ખૂબ જ જવાબદારી ભર્યું કામ છે. તમે લોકો આજે ડિગ્રીઓ મેળવી છે, તો વ્યવહારિક જીવનમાં પણ તેનો ઉપયોગ થવો જોઈએ. મારી પાસે પશુપાલનની કોઈ ડિગ્રી નથી અને પશુ વિજ્ઞાનનો અભ્યાસ કર્યો નથી, માત્ર નિરીક્ષણ કરીને મેં મારી ગાયોની જાતે જ નસલ સુધારણા કરી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા આહવાન કર્યું છે ત્યારે, દરેક વ્યક્તિ પોતાની ફરજ ઈમાનદારીથી નિભાવે અને જે ક્ષેત્રમાં કામ કરે છે ત્યાં પૂર્ણ સમર્પણથી કામ કરી, દેશની ઉન્નતી અને ભાવિ પેઢીના નિર્માણ માટે કામ કરે તો આપણે નિશ્ચિતપણેથી સફળ થઈશું.પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, પદવી પ્રાપ્ત કરનાર દરેક વિદ્યાર્થી માટે આજનો દીક્ષાંત સમારોહ રાષ્ટ્રસેવાનો નવતર પ્રારંભ છે. તમારું જ્ઞાન, સંશોધન અને પ્રતિબદ્ધતા ગ્રામ્ય જીવનના વિકાસને નવી દિશા આપશે. ભારતની રૂરલ ઈકોનોમીને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી વધુ મજબૂત બનાવવામાં તમારા જેવા યુવા ચેન્જમેકર્સની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. આજથી જ તમારા ભવિષ્યનો રોડમેપ “વિકસિત ભારતજ૨૦૪૭” અને “સહકાર સે સમૃદ્ધિ” જેવા દ્રષ્ટિગત સંકલ્પોને સાર્થક કરતો હોવો જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વ્હાઈટ રિવોલ્યુશન ૨.૦ તેમજ બ્લુ રીવોલ્યુશન જેવા દૂરંદેશી વિઝનના પરિણામે આજે દૂધ ઉત્પાદન અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ભારત વૈશ્વિક સ્તરે મોખરે પહોંચ્યો છે. ગુજરાત સહિત દેશભરમાં વૃદ્ધિ પામી રહેલા પશુપાલન અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રના વિકાસને ગતિવાન બનાવવા માટે કામધેનુ યુનિવર્સિટી હરહંમેશ તત્પર રહી છે. એટલે જ, કામધેનુ યુનિવર્સિટીએ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે વિશ્વની ૪૮ પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે સમજૂતી કરાર કર્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે વિકસાવેલા સુદ્રઢ પશુ આરોગ્ય માળખાના પરિણામે નવ યુવાઓ માટે રોજગારીની અપાર તકો ઉપલબ્ધ થઇ છે. યુવાનો હવે મરીન એક્વાકલ્ચર, એન્વાયરમેન્ટલ ફિશરીઝ, પોસ્ટ હાર્વેસ્ટ વેલ્યુ એડીશન અને એક્ષ્પોર્ટ ચેઈન જેવા ક્ષેત્રોમાં ઉદ્યોગ સાહસિકતાની અપાર તકો ખુલ્લી પડી છે. દરિયા કિનારાના વિકાસને રાષ્ટ્ર વિકાસ સાથે જોડીને દરિયાઈ વિકાસને દેશના વિકાસનું મુખ્ય પરિબળ બનાવવાની દિશામાં કામ કરવા માટે મંત્રીશ્રીએ સૌ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# કલોલ નગરપાલિકાની બેદરકારી:ડમ્પિંગ સાઈટ પર લગાવાતી આગથી પ્રતાપપુરા સહિત આજુબાજુના ગામો પ્રદૂષણથી ત્રસ્ત



કલોલ તાલુકાના પ્રતાપપુરા ગામ નજીક આવેલી નગરપાલિકાની ડમ્પિંગ સાઈટ સ્થાનિક રહીશો માટે મોટી સમસ્યા બની છે. નગરપાલિકા દ્વારા વેસ્ટ કચરાને પ્રોસેસ કરવાને બદલે તેમાં વારંવાર આગ લગાડવામાં આવે છે.આ આગના કારણે નીકળતા ધુમાડાથી આજુબાજુના ગામના લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. દુર્ગંધની સમસ્યા પણ સર્જાય છે. રાત્રિના સમયે ધુમાડાના કારણે રસ્તા પર વાહન ચલાવવું મુશ્કેલ બને છે, જેનાથી અકસ્માતનું જોખમ વધી જાય છે.જિલ્લા કલેક્ટરે આ ડમ્પિંગ સાઈટને હટાવવાનો આદેશ આપ્યો છે, પરંતુ નગરપાલિકાનું તંત્ર આ આદેશનું પાલન કરતું નથી. સ્થાનિક રહીશોએ પર્યાવરણ વિભાગ અને આરોગ્ય વિભાગમાં પણ રજૂઆત કરી છે.પૂર્વ સરપંચ કાનજીભાઈ પટેલ અને રાકેશભાઈ પટેલ સહિતના સ્થાનિકોના જણાવ્યા મુજબ, છેલ્લા ૧૦ વર્ષથી વધુ સમયથી આ સમસ્યા ચાલી રહી છે. કોન્ટ્રાક્ટરના માણસો દ્વારા કચરામાં આગ લગાડવામાં આવે છે અને ગામના લોકો પર ખોટા આક્ષેપો કરવામાં આવે છે.આ ગંભીર સમસ્યાનો ઉકેલ ક્યારે આવશે તે અંગે સ્થાનિકોએ પ્રશ્ન ઉઠાવ્યા છે.

# રાજકોટ સિવિલમાં દર્દીઓની સેવાના નામે ચાલતા અન્નક્ષેત્રનું વીજ જોડાણ કપાયું



રાજકોટની સિવિલ હોસ્પિટલના એક્સરે વિભાગમાં ગત મંગળવારે ઈલેક્ટ્રિક પેનલ બોક્સમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. જેના પગલે હાજર દર્દીઓમાં નાસભાગ મચી હતી. અમુક દર્દીઓ તો સ્ટ્રેચર મુકીને ભાગ્યા હતા. જોકે, સ્ટાફે સમયસર આગ પર કાબુ મેળવી લેતા મોટી દુર્ઘટના ટળી હતી. આ આગ લાગવાના કારણમાં સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સેવાના નામે ચાલતા અન્નક્ષેત્રમાં ગેરકાયદેસર મેળવેલ વીજ જોડાણ હોવાનું સામે આવ્યું છે. જેમાં કેબલની લોડ કેપિસિટી કરતા વધુ લોડ વપરાશના કારણે આ ઘટના બન્યાનું ધ્યાનમાં આવતા અન્નક્ષેત્ર દ્વારા લેવામાં આવેલું ગેરકાયદે વીજ જોડાણ દુર કરવામાં આવ્યું છે.પ્રાપ્ત વિગત મુજબ, મંગળવારે સિવિલ હોસ્પિટલના એક્સરે વિભાગના ઈલેક્ટ્રિક પેનલ બોક્સમાં આગની ઘટનાની તપાસ કરવામાં આવતા અન્નક્ષેત્ર દ્વારા એક્સરે વિભાગમાંથી ગેરકાયદેસર વીજ જોડાણ લઈને વીજ વપરાશ કરવામાં આવતો હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવને લઈને સિવિલ અધિક્ષક દ્વારા પીજીવીસીએલને જાણ કરવામાં આવી હતી. જેને લઈને હાલ એક્સરે વિભાગમાંથી લીધેલું ગેરકાયદેસર વીજ જોડાણ કટ્ટ કરી નાખવામાં આવ્યું છે. કોરોના મહામારીના સમયમાં અહીં ગેરકાયદેસર રીતે વિશાળ બાંધકામ ખડકી દેવામાં આવ્યું હોવાની ફરિયાદો ઉચ્ચકક્ષાએ પહોંચતા આખેઆખા ગેરકાયદેસર બાંધકામનો કડૂસલો બોલાવવા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.સિવિલ હોસ્પિટલનાં ઈન્ચાર્જ મીડિયા કો-ઓર્ડિનેટર ડો. મહેન્દ્ર ચાવડાએ જણાવ્યું કે, અન્નક્ષેત્રમાં ગેરકાયદેસર રીતે હોસ્પિટલના એક્સરે વિભાગમાંથી વીજ જોડાણ લેવામાં આવ્યું હોવાની ફરિયાદ મળી હતી. જેને લઈને તબીબી અધિક્ષક ડો. મોનાલી માંકડિયાએ તપાસના આદેશ આપ્યા હતા. નાયબ કાર્યપાલક ઈજનેર પીઆઈયુ દ્વારા અન્નક્ષેત્રમાં તપાસ કરવામાં આવતા એક્સ-રે વિભાગમાંથી વીજ જોડાણ લઈ વીજ વપરાશ કરવામાં આવતો હોવાનું ખુલતા તાત્કાલિક અસરથી આ વીજ જોડાણ કટ્ટ કરી નાખવામાં આવ્યું હતું. ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં લોકોની સેવાને નામે શરૂ કરવામાં આવેલા અન્નક્ષેત્રમાં મોટા પ્રમાણમાં પાણીનો બગાડ કરવામાં આવતો હોવાની પણ ફરિયાદ ઉઠતા હોસ્પિટલ સતાવાળાઓ દ્વારા આગામી દિવસોમાં ગેરકાયદેસર વીજ જોડાણની જેમ જ પાણીનું કનેક્શન પણ કટ્ટ કરી નાખી ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સેવાના નામે બબ્બે સ્થળોએ અન્નક્ષેત્રના નામે બે સંસ્થાઓ દ્વારા કોઈપણ પ્રકારની મંજૂરી વગર ગેરકાયદેસર બાંધકામ કરી લેવાયા છે. આ વાત તબીબી અધિક્ષક ડો. મોનાલી માંકડિયાને ધ્યાને આવતા હિસાબી અધિકારી ડો.મહેન્દ્ર ચાવડાને તપાસ કરી તાત્કાલિક પગલાં લેવાની સૂચના આપી હતી. જેને પગલે સિવિલ હોસ્પિટલના મંદિર પાસે ખડકી દેવામાં આવેલ ઓટલાનું બાંધકામ પણ ગઈકાલે સિક્યુરિટીની મદદથી દુર કરવામાં આવ્યું હતું.

# ગુજરાત- પહેલગામ હુમલામાં ૩ મૃતકના અંતિમ સંસ્કાર:અંતિમયાત્રામાં હજારો લોકો ઊમટ્યા



૨૨ એપ્રિલ મંગળવારે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ૩ ગુજરાતી સહિત ૨૬ લોકોના મોત નીપજયા હતા. ત્રણેય ગુજરાતીઓના મૃતદેહને વિમાન માર્ગે ગુજરાત લવાયા છે. સુરતમાં મૃતક યુવક શૈલેષભાઈ કળથિયા અને ભાવનગરમાં મૃતક પિતા યતીશભાઈ સુધીરભાઈ પરમાર અને પુત્ર સ્મિત યતીશભાઈ પરમારના અંતિમ સંસ્કાર કરી દેવાયા છે. તે પહેલાં તેમની અંતિમયાત્રામાં હજારો લોકો જોડાયા હતા. આ દુઃખની ઘડીમાં પાટીલ-ઝસએ પણ પરિવારને સાંત્વના આપી હતી.મુસ્લિમોને કંઇ ન કર્યુ ને જેટલા હિન્દુ હતા એ બધાને ગોળી મારી દીધી અને જ્યાં સુધી જીવ ન ગયો ત્યાં સુધી ઊભો ઊભો હસતો હતો. કાશ્મીરનું નામ બદનામ કરો છો, પણ કાશ્મીરમાં કંઇ વાંધો નથી, વાંધો આપણી સરકાર અને સિક્યોરિટીમાં છે. આટલા ટૂરિસ્ટ હતા, પણ કોઇ આર્મી, પોલીસ કે મેડિકલ કેમ્પ નહોતો. અમે સરકાર અને આર્મી પર ભરોશો રાખીને ફરવા ગયા હતા, એ જ આર્મી કહે છે કે તમે ઉપર કેમ ફરવા જાઓ છો. આપણા દેશની જ આર્મી આવું કહેશે તો બીજું કોણ બોલશે.સુરત અને ભાવનગર મૃતદેહ પહોંચતા જ મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડ્યા હતા. સ્થાનિક નેતાઓ પણ પીડિત પરિવારને સાંત્વના આપવા પહોંચી ગયા હતા. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ભાવનગરમાં પીડિત પરિવારને મળી દુઃખની ઘડીમાં સહભાગી થયા હતા તો સી.આર.પાટીલ સુરતમાં પીડિત પરિવારને મળ્યા હતા. જ્યાં મૃતક શૈલેષ કળથિયાની પત્નીએ પાટીલ સમક્ષ વિલાપ કરતા સરકાર અને સિક્યુરિટી સામે આકરા સવાલ ઉઠાવ્યા હતા.શૈલેષ કળથિયાના પુત્ર નક્ષે હુમલો થયો ત્યારની સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું કે કાશ્મીર તો ખૂબ સારું છે. પહેલગામમાં ઘોડા પર જવાનું હોય છે, અમે લોકો ત્યાં ઘોડા ઉપર સવાર હતા અને જઈ રહ્યા હતા. દસ મિનિટ બાદ આતંકવાદીઓ આવી ગયા, અમે બધા સંતાઈ ગયા હતા. આતંકવાદીઓએ અમને શોધી લીધા. અમે બે આતંકવાદીને જોયા હતા.આતંકવાદીઓએ કહ્યું કે જે હિન્દુ છે તે અલગ થઈ જાઓ. જે મુસ્લિમ છે તે અલગ થઈ જાઓ.

# જગતમંદિર ખાતે અધિકારીઓ સાથે રીવ્યૂ મિટિંગ બાદ લેન્ડિંગ પોઇન્ટની સુરક્ષા સઘન બનાવવા સૂચના



ગત તારીખ ૨૩ એપ્રિલને મંગળવારના રોજ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ૩ ગુજરાતી સહિત ૨૬ લોકોના મોત નીપજ્યા બાદ આતંકી હુમલાને લઇ તમામ બોર્ડર ઉપર સુરક્ષા વધારી દેવામાં આવી છે. રાજકોટ રેન્જ અંતર્ગત આવતા જામનગર, મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવતા દરિયાઈ વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે અને ડ્રોન કેમેરા મારફત પણ મોનીટરીંગ તેમજ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. દ્વારકા જગતમંદિર ખાતે પણ અધિકારીઓ સાથે મિટિંગ યોજી સુરક્ષાને લઇ ચર્ચા કર્યા બાદ દરિયાઈ સાથ સાથે લેન્ડિંગ પોઈન્ટ ઉપર પણ સુરક્ષા અંગે સઘન તપાસ કરવા સૂચના આપવામાં આવી છે.રાજકોટ રેન્જ આઈ.જી અશોક કુમાર યાદવએ જણાવ્યું હતું કે, રાજકોટ રેન્જમાં કુલ પાંચ જેટલા જિલ્લાઓનો સમાવેશ થાય છે. આતંકી હુમલાને લઈ પોલીસ દ્વારા સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો છે ખાસ કરીને દરિયાઈ સુરક્ષા ઉપર પણ અસરકારક રીતે વધુ સુરક્ષા તેજ કરવામાં આવી છે. રાજકોટ રેન્જ અંતર્ગત આવતા મોરબી, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લા દરિયાઈ તટ સાથે જોડાયેલા છે.

# ગુજરાત યુનિવર્સિટી બહાર પાકિસ્તાન અને આતંકવાદના પુતળાનું દહન કર્યું, સર્જિકલ સ્ટ્રાઈકની માગ



કશ્મીરમાં આતંકવાદીઓએ કરેલા હુમલામાં ૨૮ નિર્દોષ લોકોના મોત થયા છે જેને લઈને દેશભરમાં પાકિસ્તાન અને આતંકવાદનો વિરોધ ચાલી રહ્યો છે.ત્યારે છમ્ફઁ એ ગુજરાત યુનિવર્સિટી બહાર પાકિસ્તાન અને આતંકવાદનુ પૂતળું બાળીને વિરોધ કર્યો હતો.સમગ્ર રાજ્યમાં છમ્ફઁ દ્વારા આજે વિરોધ કરવામાં આવી રહ્યો છે.છમ્ફઁ એ સર્જિકલ સ્ટ્રાઇકની પણ માંગ કરી છે.છમ્ફઁ દ્વારા રાજ્યભરમાં આજે કાશ્મીર હુમલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.રાજ્યની કોલેજ અને યુનિવર્સિટીમાં આતંકવાદનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.ગુજરાત યુનિવર્સિટી બહાર પણ છમ્ફઁ ના કાર્યકરોએ હાથમાં પાકિસ્તાન વિરોધી બેનર લઈને પાકિસ્તાન અને આતંકવાદ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા..ત્યારબાદ પાકિસ્તાન અને આતંકવાદ મુર્દાબાદ લખેલા પૂતળાનું પેટ્રોલ છાંટી આગ લગાવી વિરોધ કર્યો હતો.આ અંગે છમ્ફઁ ના નેતા મુકુલ ચાવડાએ જણાવ્યું હતું કે પાકિસ્તાનના આતંકવાદીઓએ હુમલાનો અમે આજે રાજ્યભરમાં વિરોધ કરી રહ્યા છે.તમામ કેમ્પસ અને યુનિવર્સિટીમાં વિરોધ ચાલી રહ્યો છે.સરકારના પાકિસ્તાન સામેના નિર્ણયને અમે આવકારીએ છીએ પરંતુ અમારી માંગ સર્જિકલ સ્ટ્રાઇકની છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.